For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

તિથલ બીચ નજીક સગીરા પર ગેંગરેપ

ઈન્સ્ટાગ્રામ મિત્ર સહિત ૩ સગીરે કિશોરી પર સામૂહિક દુષ્કર્મ આચર્યું

પરિચિતની સતર્કતાથી ત્રણ સગીર ઝડપાઈ ગયા

વલસાડ : વલસાડના પ્રખ્યાત તિથલ દરિયાકિનારા નજીક આવેલી એક અવાવરૂ જગ્યાએ ૧૫ વર્ષીય કિશોરી સાથે રવિવારની સમી સાંજે સામૂહિક દુષ્કર્મની શર્મજનક ઘટના

...અનુસંધાન પાના 5 પર

કેટલાંક વર્ષોના કાળજુ કંપાવનારા વલસાડ જિલ્લાના બળાત્કાર

1 2018 મોગરાવાડી
વર્ષ 2018માં વલસાડના મોગરાવાડી વિસ્તારમાં વહેલી સવારે પોતાના ઘરે માતા સાથે રહેતી છ વર્ષ એક બાળકી પોતાના ઘરે બાથરૂમમાં ગઈ હતી. એ વખતે જ આલોક મિશ્રા નામનો એક નરાધમ આરોપી બાળકીની સાથે બાથરૂમમાં ઘૂસી અને તેના પર દુષ્કર્મ આચર્યું હતું. જોકે બાળકી એ બૂમાબૂમ કરતા નજીકમાં જ રહેલી એક મહિલા એ આરોપીને ભાગતા જોઈ અને આરોપીનો પીછો કરી તેને ઝડપી પાડ્યો હતો.

2 2024 ઉદવાડા
વલસાડ જિલ્લાના ઉદવાડા રેલવે સ્ટેશન નજીક નવેમ્બર માં એક ૧૯ વર્ષની કોલેજિયન યુવતીને ઉદવાડા રેલવે સ્ટેશન નજીક અવાવરુ જગ્યાએ લઇ જઇ તેની પર બળાત્કાર કરવામાં આવ્યો હતો. ત્યારબાદ ગળુ દબાવી તેની હત્યા કરી નાંખવામાં આવી હતી. આ કેસમાં પોલીસે હરિયાણાનો હિસ્ટ્રીશીટર અને સિરીયલ કિલર રાહુલ કરમવીર જાટ (ઉર્ફે ભોલુ)ની ધરપકડ કરી હતી

3 2024 ઉમરગામ
૨૭ ઓગસ્ટ ૨૦૨૪ ના રોજ ઉમરગામમાં પિતાના જ એક મિત્ર (ગુલામ મુસ્તફા, ઉમર ૨૯ વર્ષ) દ્વારા 3 વર્ષની બાળકી પર બળાત્કાર ગુજારવામાં આવ્યો હતો. આ ઘટનાને પગલે ઉમરગામમાં ભારે હિંસક વિરોધ પ્રદર્શનો થયા હતા અને સ્થાનિક લોકોએ ઉમરગામ સંપૂર્ણ બંધ પાળ્યો હતો. કોર્ટે અંતિમ શ્વાસ સુધી આજીવન કેદની સજા અને રૂ. ૫૦,૦૦૦ નો દંડ ફટકાર્યો હતો. તેમજ પીડિતાના પરિવારને રૂ. ૬ લાખનું વળતર આપવાનો આદેશ કર્યો હતો.

4 2025 કપરાડા
કપરાડા તાલુકાના આસલોણા ગામમાં અંધશ્રદ્ધા અને ધાર્મિક આડંબરના નામે એક હૃદયદ્રાવક અને માનવતાને શરમજનક ઘટના પ્રકાશમાં આવી હતી. કપરાડામાં એક ભૂવાએ "સારવાર"ના બહાને 14 વર્ષીય સગીરા પર દુષ્કર્મ આચર્યું હોવાનો કિસ્સો સામે આવ્યો આવ્યો હતો, જેણે સમગ્ર વિસ્તારને હચમચાવી દીધો હતો. સારવાર કરવા માટે પરિવાર જ બાળકીને ભૂવાને ત્યાં મૂકીને આવ્યો હતો પરંતુ આ પાખંડીએ બાળકીને પીંખી નાંખી હતી.

મહોલ્લાના લોકોએ કિશોરીને શોધી ત્રણેય કિશોરોને મેથીપાક આપ્યો

પોતાની બહેનને શોધવા ભાઇએ તેમજ પરિવારજનોએ મહોલ્લાના લોકો સાથે તેણીની શોધખોળ હાથ ધરી હતી. જે તિથલથી મળી આવી હતી. જેની સાથે 3 કિશોરો હોય લોકોએ તેને મેથીપાક આપી તેને

...અનુસંધાન પાના 5 પર



1 બે વર્ષ પહેલા ઇન્સ્ટાગ્રામ મારફતે મુલાકાત થઇ

2 મોપેડ પર તિથલબીચ પર ફરવા લઇ ગયો

3 અવાવરુ જગ્યામાં ગેંગરેપ કર્યો

4 ત્રણેય સગીરને લોકોએ મારી લીધા

કિશોરી પાસે મોબાઇલ ન હતો, લેપટોપથી મેસેજ મોકલ્યો હતો
વલસાડની ધોરણ 9 માં અભ્યાસ કરતી કિશોરી પાસે મોબાઇલ ન હતો, પરંતુ તેણીની પાસે લેપટોપ હતુ. જેનાથી તેણે પોતાના ઇન્સ્ટાગ્રામ મિત્રને મેસેજ

...અનુસંધાન પાના 5 પર

કાયદાના સંઘર્ષમાં આવેલા કિશોરોને સુધાર ગૃહમાં મોકલાયા
કિશોરી સાથે દુષ્કર્મના કેસમાં કાયદાના સંઘર્ષમાં આવેલા 3 કિશોરોને બાલ સુધાર ગૃહમાં મોકલાયા હતા. તેમની વિરૂદ્ધ

...અનુસંધાન પાના 5 પર

મોંઘવારીએ માઝા મૂકી, ખાંડ પછી હવે ડુંગળીના ભાવમાં ભડકો

ડુંગળી 'કાપ્યા વિના' જ ગૃહિણીઓને રડાવી રહી છે, કિલોના 100 રૂપિયા

મહારાષ્ટ્રમાં ભારે વરસાદથી પાકને મોટું નુકસાન, આવક અડધી થતાં ભાવમાં ઉછાળો આવ્યો

સુરત એપીએમસી.માં જ હોલસેલ ડુંગળીનો ભાવ રૂ.50 કિલો, એક મણનો ભાવ રૂ.1,000

સુરત : ખાંડના ભાવમાં થયેલા વધારા બાદ હવે સામાન્ય સુરતી ગૃહિણીઓના રસોડાનું બજેટ ડુંગળીએ પણ બગાડ્યું છે. સુરત શહેરની ભાગળ, પાલનપુર પાટિયા, વરાછા બરોડા પ્રિસ્ટેજ, કતારગામ, સિટી લાઇટ રોડ અને સૈયદપુરા સહિતની શાકભાજી બજારોમાં આજે ડુંગળીના છૂટક ભાવ કિલોએ રૂ.80થી રૂ.100 સુધી પહોંચી ગયા છે. બીજી તરફ સુરત એપીએમસી (સરદાર માર્કેટ) માં જ

...અનુસંધાન પાના 5 પર

એક મહિનામાં ડુંગળીના મણના ભાવ રૂ.500થી રૂ.1,000 થયા

સુરત એપીએમસીના ડિરેક્ટર બાબુભાઈ શેખે જણાવ્યું હતું કે, એક મહિના અગાઉ ડુંગળી 20 કિલોના મણના રૂ.500થી રૂ.800ના ભાવે વેચાતી હતી. એટલે કિલોદીઠ આશરે રૂ.20થી રૂ.30નો ભાવ હતો. પરંતુ છેલ્લા એક મહિનામાં ભાવમાં નોંધપાત્ર વધારો થયો છે અને આજે મણનો ભાવ રૂ.1,000 સુધી પહોંચ્યો છે. ડુંગળીના ભાવ વધવા પાછળ સૌથી મોટું કારણ આવકમાં થયેલો ઘટાડો છે. એક મહિના અગાઉ સુરત એપીએમસીમાં દરરોજ ડુંગળીની આશરે 30થી 35 ટ્રક આવક થતી હતી, જે હવે ઘટીને માત્ર 15થી 20 ટ્રક જેટલી રહી છે.

મહારાષ્ટ્રના પીપલગાવ બજારમાં ટન ડુંગળીનો ભાવ રૂ.4,200થી રૂ.4,700 બોલાયો

મહારાષ્ટ્રની પીપલગાવ બજારમાં આજે ડુંગળીનો ભાવ ટનદીઠ રૂ.4,200થી રૂ.4,700 સુધી બોલાયો હતો. ઉત્પાદન ઓછું થતાં અને બજારમાં આવક ઘટતાં ડુંગળીની અછત જેવી સ્થિતિ ઊભી થઈ છે. તેની સીધી અસર સુરતના હોલસેલ અને ત્યારબાદ છૂટક બજાર પર પડી રહી છે.

માંડવીમાં યુવતીની હત્યા કરી લાશ ધાબા પર સંતાડી દીધી

માતા-પિતા યાત્રાએ ગયા ને તસ્કરો ત્રાટક્યા, હત્યા કરી લાશ છુપાવી રૂ.2.52 લાખની મતા લૂંટી ગયા

એસપી, ડીવાયએસપી, LCB, SOG સહિત ઉચ્ચ અધિકારીઓનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો, 8 ટીમ બનાવી તપાસ તેજ

(તસવીર : હિતેશ પટેલ)

માંડવી: માંડવીના ગોદાવાડી ગામના ટેકરી ફળિયામાં મોડી રાત્રે લૂંટના ઈરાદે ઘરમાં ઘૂસેલા તસ્કરો 21 વર્ષીય યુવતીની કરપીણ હત્યા કરી સોના-ચાંદીના દાગીના, રોકડ અને મોબાઈલ મળી કુલ રૂ. 2.52 લાખની મતાની લૂંટ ચલાવી ફરાર થઈ જતાં સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી ગઈ છે.

ઘટનાની વિગત અનુસાર માંડવીના ગોદાવાડી ગામે ટેકરી હાથ કાળી પટ્ટીથી બાંધી દીધા હતા અને મોબાઇલ ચાર્જિંગ કેબલ વડે ટૂંપો આપી નિર્મમ હત્યા કરી નાંખી હતી. બાદ લાશને ધાબા 3:30 વાગ્યાની આસપાસ ઘરમાં સામાન વેરવિખેર જોયો હતો. પુત્રીની શોધખોળ કરતાં ધાબા

...અનુસંધાન પાના 5 પર

નિધિ વિદેશ જવા માટે સ્પોકન ઈંગ્લિશના ક્લાસ કરતી હતી

ખેતીના વ્યવસાય સાથે સંકળાયેલા વાસુદેવભાઈ પટેલને સંતાનમાં ત્રણ દીકરીઓ છે. જે પૈકી બે મોટી દીકરીઓનાં લગ્ન તરસાડી માલીબા નજીક આવેલા કણાઈ ગામ ખાતે એક જ પરિવારમાં કરવામાં આવ્યાં હતાં. હાલ તે બંને પુત્રીઓ પૈકી એક કેનેડા અને બીજી મુંબઈ-પુણે ખાતે સ્થાયી થયેલી છે. જ્યારે 21 વર્ષીય નાની દીકરી નિધિ પટેલે બી.ઈ. કોમ્પ્યુટર એન્જિનિયરિંગનો અભ્યાસ પૂર્ણ કર્યો હતો અને તે વિદેશ જવા અર્થે બારડોલી ખાતે સ્પોકન ઈંગ્લિશના ક્લાસ કરતી હતી.

ડુમસમાં ટામેટાં ભજીયામાંથી મંકોડો નીકળ્યો: પંચવટી ભજિયા કોર્નરને દંડ

ફૂડ ચેકિંગ વચ્ચે પંચવટી ભજિયા કોર્નરની ઘટનાનો વિડીયો વાયરલ, આરોગ્ય વિભાગ દોડતો થયો

અન્ય ભજિયા સ્ટોલની પણ તપાસ હાથ ધરવામાં આવી, 7 ભજિયા સ્ટોલને નોટિસ

સુરતઃ શહેરમાં ખાદ્ય ચીજવસ્તુઓની ગુણવત્તા અંગે આરોગ્ય વિભાગ દ્વારા તપાસ ઝુંબેશ ચાલી રહી છે ત્યારે સુરતવાસીઓના પ્રિય પિકનિક સ્થળ ડુમસના જાણીતા ભજીયા સ્ટોલના ભજીયામાંથી મકોડો નીકળતાં ચકચાર મચી છે. ડુમસ ખાતે આવેલા પંચવટી ભજીયા કોર્નરમાં આ ઘટના બની હોવાનું જાણવા મળ્યું છે. દરમિયાન મનપા દ્વારા પંચવટી ભજીયા કોર્નરને 5 હજારનો દંડ તેમજ નોટિસ ફટકારી બે ભજીયાના સેમ્પલ લેવાયા હતા.

ડુમસના ભજીયા સુરતીઓમાં ખાસ્સા લોકપ્રિય છે અને અહીંના ટામેટા ભજીયા સહિતની વાનગીઓ માટે મોટી સંખ્યામાં લોકો ઉમટતા હોય છે. દરમિયાન પંચવટી ભજીયા કોર્નર પરથી લેવામાં આવેલા ટામેટાના ભજીયામાં મકોડો મળી આવ્યો હોવાનો વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થતાં મામલો ચર્ચામાં આવ્યો હતો. વિડીયો વાયરલ થતાં જ સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગની ટીમ હરકતમાં આવી હતી. ટીમ દ્વારા પંચવટી ભજીયા કોર્નર સહિત ડુમસ વિસ્તારમાં આવેલા અન્ય ભજીયા સ્ટોલની પણ તપાસ હાથ ધરવામાં આવી હતી. ખાદ્ય સામગ્રીની ગુણવત્તા, સ્વચ્છતા અને વાનગીઓ તૈયાર કરવાની પ્રક્રિયા સહિતના મુદ્દાઓની ચકાસણી કરવામાં આવી હતી જે દરમિયાન બે કિલો જેટલા ભજીયાનો નાશ કરીને 7 સંસ્થાઓને નોટીસ પાઠવી 11 હજારનો વહીવટી દંડ લેવાયો હતો.

રક્ષાબંધનમાં ભાઈ-બહેનની 'રક્ષા' માટે 'માવા'ની તપાસ

ફૂડ પોઈઝનિંગથી સફાળા જાગેલા આરોગ્ય તંત્રએ 15 માવા વિક્રેતા પાસેથી સેમ્પલ લીધાં

સુરતઃ શ્રાવણ માસ ચાલી રહ્યો છે અને આગામી રક્ષાબંધનના તહેવારને ધ્યાનમાં રાખીને સુરત મહાનગરપાલિકાના આરોગ્ય વિભાગે માવા વિક્રેતાઓ સામે તપાસ ઝુંબેશ શરૂ કરી છે. આજે સવારથી શહેરના વિવિધ ઝોનમાં આરોગ્ય વિભાગની ટીમોએ માવા વેચતા એકમો પર તપાસ હાથ ધરી હતી. દિવસ દરમિયાન કુલ 15 માવા વિક્રેતાઓ પાસેથી માવાના સેમ્પલ લેવામાં આવ્યાં છે.

તાજેતરમાં વરાછા વિસ્તારમાં ફૂડ પોઈઝનિંગની ઘટનામાં બાળકીના મોત બાદ મનપાનો આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યો હતો. ત્યારબાદ હોટલ-રેસ્ટોરન્ટ સહિતના ખાદ્ય

...અનુસંધાન પાના 5 પર

ક્યાંથી માવાનાં સેમ્પલ લેવાયાં?

માવા વિક્રેતા	વિસ્તાર
શ્રીકૃષ્ણ ડેરી એન્ડ સ્વીટ	વિશાલનગર સોસાયટી, કતારગામ
કૃષ્ણ માવા ભંડાર	પીરછડી રોડ, રૂવાલા ટેકરા
નંદકિશોર માવા વાલા	ભાગળ, કોર્ટ સફિલ રોડ
સુગમ ડેરી	આનંદ મહેલ રોડ, અડાજણ
શ્રીકૃષ્ણ ડેરી	એલ.એચ. રોડ, ભગુનગર સોસાયટી, વરાછા
એમ.એસ. શ્રીનાથજી ચુનીલાલ માવાવાળા	ભાગળ શાકમાર્કેટ પાસે
સુરજ માવા ભંડાર	મહીધરપુરા, પીરછડી રોડ
જય અંબે માવા મંડળ	અંબાજી રોડ

...અનુસંધાન પાના 5 પર

કડોદરામાં ભાજપ મહિલા અગ્રણીની પુત્રવધૂનો ફાંસો ખાઈ આપઘાત

નિધિએ પંખા સાથે સાડી બાંધી જીવન ટુંકાવ્યું, ત્રણ પાનાંની સ્યુસાઇડ નોટ મળી આવી

લગ્નજીવનનાં માત્ર બે જ વર્ષના ટૂંકા ગાળામાં પરિણીતાના આપઘાતથી ચકચાર

પતિ સૌરભકુમાર સામે કડક કાનૂની સકંજો કસાવાની તૈયારી

સ્યુસાઇડ નોટ મળી આવતાં કામરેજ વિભાગના નાયબ પોલીસ અધિકારી આર.આર. સરવૈયા અને કડોદરા પોલીસે હવે પતિ સૌરભકુમાર સામે કડક કાનૂની સકંજો કસવાની તૈયારી શરૂ કરી છે. પોલીસ હવે દુષ્પ્રેરણા સહિતની કલમો હેઠળ આગળની કડક કાર્યવાહી હાથ ધરી રહી છે.

પલસાણાઃ કડોદરા-બારડોલી રોડ વિસ્તારમાં આવેલી શ્રીનિવાસ ગ્રીનસિટી સોસાયટીમાં રહેતા ભાજપનાં એક મહિલા આગેવાનના પુત્રની ૨૪ વર્ષીય પત્નીએ પોતાના જ ઘરમાં અગમ્ય કારણોસર ફાંસો ખાઈને આત્મહત્યા કરી લેતા સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. લગ્નજીવનનાં માત્ર બે જ વર્ષના ટૂંકા ગાળામાં પરિણીતાએ આ અંતિમ પગલું ભરી લેતાં પરિવારમાં ભારે શોકનો માહોલ છવાયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર મૂળ બિહારના સીતામઢીના વતની અને હાલ કડોદરાની શ્રીનિવાસ ગ્રીનસિટી સોસાયટીના વિભાગ-A (મકાન નં.૭૬-૭૭)માં રહેતા સંજયસિંગ રાજપૂત નવનિધિ સિલ્ક મિલમાં લેબર ઇનચાર્જ તરીકે કામ કરે છે. તેમના પુત્ર સૌરભકુમારનાં લગ્ન બે વર્ષ પૂર્વે નિધિકુમારી (ઉ.વ.૨૪) સાથે થયાં હતાં.

ગત તા.૨૩ ઓગસ્ટના રોજ બપોરે ૩:૩૦થી ૫ વાગ્યાના અરસામાં આ ઘટના બની હતી. નિધિકુમારી પોતાના સાસરીના ઘરના ઉપરના માળે આવેલા બેઠક રૂમમાં હતી, ત્યારે તેણીએ અગમ્ય કારણોસર સાડી વડે છતના સીલિંગ ફેન સાથે ફાંસો ખાઈ

...અનુસંધાન પાના 5 પર

આંતર વસ્ત્રમાંથી સ્યુસાઇડ નોટ મળી

શ્રીનિવાસ ગ્રીનસિટી સોસાયટીમાં ભાજપના મહિલા આગેવાનની પુત્રવધૂ નિધિકુમારીના રહસ્યમય આપઘાત પાછળનું સાચું કારણ હવે સામે આવ્યું છે. શરૂઆતમાં અગમ્ય કારણોસર થયેલી આત્મહત્યા ગણાતા આ કેસમાં પોસ્ટમોર્ટમ દરમિયાન એક સનસનીખેજ ખુલાસો થયો છે, જેણે સમગ્ર પોલીસ તપાસની દિશા બદલી નાંખી છે. આંતર વસ્ત્રમાંથી મળેલી સ્યુસાઇડ નોટમાં તેણીએ પોતાના જીવનનો અંત લાવવા પાછળનું મુખ્ય કારણ તેના પતિ સૌરભકુમારના અન્ય મહિલા સાથેના અનૈતિક સંબંધો હોવાનો સ્પષ્ટ ઉલ્લેખ કર્યો છે. માત્ર બે વર્ષના લગ્નજીવનમાં જ પતિના આ સંબંધોને કારણે તે ભારે માનસિક ત્રાસ અને ઘર્ષણમાંથી પસાર થઈ રહી હતી. નિધિકુમારીને ડર હતો કે, જો આ ચિઠ્ઠી ઘરમાં ક્યાંય મૂકશે તો સાસરી પક્ષના લોકો પુરાવાનો નાશ કરી દેશે અથવા તેને ગાયબ કરી દેશે. આથી, તેણીએ આ બે પાનાંની સ્યુસાઇડ નોટ પોતાના આંતરવસ્ત્ર (ઇનરવેર)માં છુપાવી દીધી હતી. જ્યારે મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે હોસ્પિટલ ખસેડાયો, ત્યારે પેનલ પીએમ દરમિયાન ફરજ પરના તબીબને આ નોટ મળી આવી હતી. ડોક્ટરે તાત્કાલિક આ મહત્ત્વનો પુરાવો કડોદરા પોલીસને સોંપ્યો હતો.

નિધિકુમારીના મોતના ભય અંગે ભાઈએ બિહારથી કોલ કરી પોલીસને જાણ કરી હતી

નિધિકુમારીએ એના ભાઈને કોલ કરી બધી હકીકત જણાવી હતી. નિધિને એના સાસરાવાળા મારી નાંખશે એવો કોલ એના ભાઈએ બિહારથી પોલીસને કર્યો હતો. કોલના આધારે પોલીસ ભાજપનાં આગેવાનના ઘરે પહોંચતાં ત્યાં પરિણીતાએ આત્મહત્યા કરી હોવાની પોલીસને જાણ થઇ હતી.

'સરકાર' ગ્રુપના ગણેશ આગમનમાં અંધાધૂંધી

આગમન પૂર્વે ઘોડદોડ રોડના રામચોકમાં પગ મૂકવાની પણ જગ્યા ન રહી

આયોજકો અને પોલીસની ઘોર બેજવાબદારીથી અફડાતફડીનો માહોલ સર્જાયો

દોડાદોડી થવાને કારણે અનેક મહિલાઓ દબાઈ, બાળકો છૂટાં પડ્યાં

સુરતઃ ગણેશ ચતુર્થીને હજુ દોઢ મહિના જેટલો સમય બાકી છે, ત્યારે જ સુરતમાં શ્રીજીના આગમન સાથે જ આયોજકો અને પોલીસ તંત્રની બેજવાબદારી સામે આવી છે. ઘોડદોડ રોડ પર આવેલા રામચોક ખાતે 23 ઓગસ્ટની રાત્રે 'સરકાર' ગ્રુપના ગણેશજીની એક ઝલક મેળવવા હજારોની સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. જોકે, આયોજકો દ્વારા પૂર્વ તૈયારી વગર કરાયેલા આ ભવ્ય શો-ઓફ અને સ્થાનિક પોલીસના કથિત કડક બંદોબસ્તના કાગળ પરના દાવાઓ વચ્ચે ભીડ નિયંત્રણની વ્યવસ્થા સંપૂર્ણપણે ખોરવાઈ જતાં સમગ્ર આયોજન અંધાધૂંધી અને ભારે ભયના વાતાવરણમાં ફેરવાઈ ગયું હતું.

રામચોકમાં એટલી મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ ગયા હતા કે પગ મૂકવાની પણ જગ્યા રહી નહોતી. સુરક્ષાના કોઈ ચોક્કસ પ્લાન વગર એકત્ર થયેલી ભીડમાં

...અનુસંધાન પાના 5 પર

એક સાથે દર્શન કરવા ભક્તો આવી જતાં ભીડ થઈ હતી: ઉમરા PI દેસાઈ

ગણેશ આગમનને લઈ ઉમરા પોલીસ દ્વારા અગાઉથી બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. રામ ચોક ખાતે સરકાર ગ્રુપના ગણેશ આગમનમાં મોટી સંખ્યામાં લોકો ઉમટ્યા હતા. મૂર્તિ પરથી પરદો હટાવતાં એકસાથે દર્શન કરવા લોકો આગળ વધતાં થોડીવાર

...અનુસંધાન પાના 5 પર

આયોજન વગરના સીન-સપાટા અને લચર બંદોબસ્તને કારણે અસામાજિક તત્ત્વો અને પાકિટમારોએ તરખાટ મચાવ્યો

એક હાજર ભક્તે આક્રોશ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, આયોજકો દ્વારા કોઈ જ પૂર્વ આયોજન વગર માત્ર શહેરમાં સીન-સપાટા અને પબ્લિસિટી કરવા માટે આગમન યાત્રા યોજવામાં આવી હતી. દર્શનાર્થીઓનો ધસારો વધતાં આયોજકો અને સ્થળ પર હાજર પોલીસ તમાશો જોતી રહી ગઈ હતી. આ અંધાધૂંધીનો લાભ ઉઠાવીને યાત્રામાં

...અનુસંધાન પાના 5 પર

છ માસિક પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ

અમારા પરિવાર માટે અમૂલ્ય સંસ્કાર મૂકીને અમારી વચ્ચેથી વિદાય લઈને શ્રેષ્ઠ જીવન જીવવાનું શીખવી ગયા. પોતાની જાતને ધૂપસળી જેવું જીવન જીવીને સાર્થક કરી બતાવ્યુ કે, પોતે બળીને રાખ થઈ ગયા અને સુંગધ-સુવાસ ફેલાવીને જીવનને એક યાદગાર જીવન કેમ જીવવું તેમની પ્રેરણા આપતા ગયા. પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના..

સ્વ. દેવિયાનીબેન જીવણભાઈ પટેલ
જન્મ તા. ૨૨/૦૪/૧૯૫૨
સ્વ. તા. ૨૫/૦૨/૨૦૨૬

લિ. સ્વ. જીવણભાઈ દુલ્લભભાઈ પટેલ
સ્વ. કમલેશભાઈ જીવણભાઈ પટેલ | ગં.સ્વ. નિલમબેન કમલેશભાઈ પટેલ
કલ્પેશભાઈ જીવણભાઈ પટેલ | ચૈતાલી કલ્પેશભાઈ પટેલ
હર્ષિતા કમલેશભાઈપટેલ | આકાંક્ષા કલ્પેશભાઈ પટેલ
વત્સલ કમલેશભાઈ પટેલ | વેદાંશી કલ્પેશભાઈ પટેલ
નિવાસ સ્થાન : પટેલ ફળિયું, ભીમરાડ ગામ, સુરત.

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા
ફીકસ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
₹૧૮૦૦/-	₹૧૫૦૦/-	₹૨૫૦૦/-

ફીકસ્ડ સાઈઝ ૧૦×૨	છેલ્લા પાને	અંદરના પાને	છેલ્લા પાને કલર
	₹ ૪૫૦૦/-	₹ ૩૦૦૦/-	₹ ૫૨૦૦/-

(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો : ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા, સુરત. ફોન : ૨૫૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૦

જય ઝુલેલાલ રાધા સ્વામી જય ઝુલેલાલ
શ્રધ્ધાંજલિ તથા પગડી રસમ

સ્વ. રાધાકિશન ભગવાનદાસ રૂચંદાણી
તા. ૨૪-૮-૨૦૨૬
સખેદ સાથે જણાવવાનું કે અમારા પિતાશ્રી રાધાકિશન ભગવાનદાસ રૂચંદાણીનું અવસાન તા. ૨૪-૮-૨૬, સોમવારના રોજ થયેલ છે.
: સદ્‌ગતની શ્રધ્ધાંજલિ સભા તથા પગડી રસમ :
તા. ૨૬-૮-૨૬ને, બુધવારના રોજ શ્યામ કુંજ, અગ્રસેન ભવન, સીટી લાઈટમાં સવારે ૧૦.૩૦ કલાકે, સત્સંગ તથા ૧૧ કલાકે પગડી રસમ રાખેલ છે.
: લિ. :
પ્રિતાંબર ભગવાનદાસ રૂચંદાણી | કનૈયાલાલ ભગવાનદાસ રૂચંદાણી
દીપક રાધાકિશન રૂચંદાણી | હરેશ રાધાકિશન રૂચંદાણી
સમસ્ત રૂચંદાણી પરિવાર
બી. સી. લેન ગૃપ, જશ માર્કેટ, સુરત.

... પાંચમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ...

સ્વ. હરીશભાઈ હરિલાલ ધમણવાલા
સ્વ. તા. ૨૫.૦૮.૨૦૨૧
દરિયાદિલી જેમનાં શ્વાસોમાં હતી, કરૂણા જેમનાં હૃદયમાં હતી, પરોપકાર જેમના પગલામાં હતો, સર્વે પ્રત્યે અખુટ લાગણીસહ, આપનો આનંદી અને માયાળુ સ્વભાવ, વ્યવહાર કુશળતા, સંસ્કાર અને સ્નેહ ભાવનાની સુવાસ કદી ભુલાશે નહીં. પ્રભુ આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એજ પ્રાર્થના.
લિ.
ગં.સ્વ. ઈન્દિરાબેન હરીશભાઈ ધમણવાલા
સુમીત હરીશભાઈ ધમણવાલા (પુત્ર) | ઈલા સુમીત ધમણવાલા (પુત્રવધુ)
કેતકી સચીન સ્થલેકર (પુત્રી) | સચીન ભવાનીશંકર સ્થલેકર (જમાઈ)
નિલીમા ભાર્ગવ પઠાણ (પુત્રી) | ભાર્ગવ મનહરલાલ પઠાણ (જમાઈ)
કેશવ સુમીત ધમણવાલા (પૌત્ર) | રિયાન સુમીત ધમણવાલા (પૌત્ર)
જહાનવી, ગ્રેન્ટ, કલોઈ, મીરા
તથા સમસ્ત ધમણવાલા પરિવાર